# Day to Day Current Affairs

**25 Nov 2015**

## ૧. વડાપ્રધાન નરેન્દ્ર મોદી – સિંગાપોર પ્રવાસ :

- મલેશિયા બાદ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સિંગાપોરના બે દિવસીય પ્રવાસે ગયા હતાં.
- બંને દેશો વચ્ચે સંરક્ષણ સહિત 10 ક્ષેત્રોમાં મહત્વના કરાર થયા હતાં.
- નરેન્દ્રભાઇ મોદીએ સિંગાપોરના વડાપ્રધાન લી સિએન લુગને સિંગાપોરના 170 વર્ષ જુના નકશાની પ્રતિકૃતિ ભેટ આપી હતી. તે નકશો ભારતીય રાષ્ટ્રીય અભિલેખાગારમાં તૈયાર થયો હતો. આ નકશો 1842-1845 ના સર્વેક્ષણ આધારીત છે.
- તેમજ બંને સમકક્ષ નેતાઓએ ટપાલ ટિકિટનું વિમોસન કર્યું હતું.
- સિંગાપોરના રાષ્ટ્રપતિ ટોની ટેન કેંગ યામ છે જે 2016ના પ્રારંભે ભારતની મુલાકાત લેશે.

## ૨. ATP વર્લ્ડ ટુર ફાઇનલ્સ – ટેનિસ :

- એટીપી વર્લ્ડ ટુર ફાઇનલ્સની ફાઇલન મેચમાં સર્બિયન સ્ટાર નોવાક જોકોવિચે સ્વિત્ઝરલેન્ડના રોજર ફેડરરને પરાજ્ય આપ્યો.
- જોકોવિચે સતત ચોથી વખત અને કુલ પાંચમી વખત આ ટાઇટલ પોતાના નામે કર્યું હતું.
- એટીપી વર્લ્ડ ટુર ફાઇનલ્સ મેન્સ ડબલ્સમાં ભારતના રોહન બોપન્ના અને રોમાનિયાના ફ્લોરિન મેર્ગિયાની જોડી રનર્સ અપ રહી હતી.
- ફાઇનલમાં બોપન્ના- મેર્ગિયાનો જીન રોજર- હોરિયા ટેકાઉ જોડી સામે પરાજ્ય થયો હતો.

Vivekanand Academy, Gandhinagar